પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯-૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંક : એસએસએ/P&Mo/3/૨૦૨૦/૫૬૭૦-૫૭૧૩

તા.૨૯/૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા : તમામ.

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,
જિલ્લા : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : રાજયની સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬-૮) શાળાઓ તેમજ સરકારી / આર.એમ.એસ.એ. / મોડેલ / મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટેની 'પુસ્તક વાચક સ્પર્ધા' બાબત**

**સંદર્ભ : માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગની નોંધ પર મળેલ મંજૂરી**

માનવ સંસાધન વિકાસ મંત્રાલય-ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણ માટેની સંકલિત યોજના 'સમગ્ર શિક્ષા' શરૂ કરવામાં આવેલ છે. સર્વ શિક્ષા અભિયાન(એસએસએ), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન(આરએમએસએ) અને ટીચર એજયુકેશનની કેન્દ્રીય પ્રાયોજીત યોજનાઓના એકત્રિકરણથી 'સમગ્ર શિક્ષા' અમલમાં આવ્યુ છે. ૪ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને સમાવેશી અને સમાન ગુણવત્તાવાળુ શિક્ષણ પુરૂ પાડવુ તે સમગ્ર શિક્ષાનો ધ્યેય છે. સમગ્ર શિક્ષાના વિવિધ ઉદેશોની આપૂર્તિ માટે શાળા પુસ્તકાલય અને તેના અસરકારક ઉપયોગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે શાળા પુસ્તકાલયને સમૃધ્ધ બનાવવા માટે ગત વર્ષે કેન્દ્ર સરકાર ધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ રાજયની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના પુસ્તકાલય માટે નેશનલ બુક ટ્રસ્ટ(એન.બી.ટી.)ના પુસ્તકો પૂરા પાડવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં વાચનનું મહત્વ ખૂબ જ છે. **નેશનલ એચીવમેન્ટ સર્વે ૨૦૧૭ના તારણ મુજબ, "જે વિદ્યાર્થીઓ શાળા પુસ્તકાલયના પુસ્તકોનો વાચન મહાવરો ધરાવે છે, તે વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર ઉચ્ચ છે."** પાઠયસામગ્રીના વાચન મહાવરા સાથે શરૂઆતથી જ વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકો, સંદર્ભ સાહિત્ય, વર્તમાનપત્ર, સામાયિકો, સાહિત્ય સમજપૂર્વક વાંચે તે મહત્વનું છે. વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણયુકત વાચનકૌશલ્ય કેળવાય તો જ તમામ વિષયોનું પ્રત્યાયન સંભવ બને. આ લક્ષ્યાંકની આપૂર્તિ માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન આવશ્યક છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬-૮) શાળાઓ તેમજ સરકારી/ગ્રાન્ટેડ /આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટે જે-તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી **'પુસ્તક વાચક સ્પર્ધા'** યોજવા, તેમજ સ્પર્ધાના ભાગરૂપે આ શાળાઓના દર્શાવેલ ધોરણના વર્ગમાં તા.૧/૨/૨૦૨૦થી તા.૭/૨/૨૦૨૦ દરમિયાન **'પુસ્તક વાચન સપ્તાહ'** યોજવા નિયત કરવામાં આવેલ છે.

આપના તાબા હેઠળની ઉપરોકત દર્શાવ્યા મુજબની તમામ શાળાઓમાં 'પુસ્તક વાચક સ્પર્ધા' આ સાથે સામેલ માર્ગદર્શિકા અનુસાર જે-તે કક્ષાએ નિર્ધારીત કરેલ સમયગાળામાં યોજાય તે માટે સબંધિત તમામને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ આપવા, તેમજ સ્પર્ધાનું દરેક તબક્કે અસરકારક અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

(પી ભારતી)

**બિડાણ : માર્ગદર્શિકા**

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/૫૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૩૧/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

બ્લોક(બી)

## –: 'પુસ્તક વાચક સ્પર્ધા' માટેની માર્ગદર્શિકા :–

**'પુસ્તક વાચક સ્પર્ધા'ના હેતુઓ :**

વિદ્યાર્થીઓ....

- વાચન રસ કેળવે,
- સમજપૂર્વક વાચન કરે,
- નિયમિત વાચક બને,
- વર્તમાનપત્ર અને સામયિક વાંચતા થાય,
- વાંચનને અંતે જરૂરી નોંધ લખતા થાય.....

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી / આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓમાં અભ્યાસ કરતા વધુને વધુ બાળકો પુસ્તકાલયનો અસરકારક ઉપયોગ કરતા થાય, બાળકોમાં વાચન પ્રત્યે ઉત્સાહ વધે, બાળકો પોતે વાંચેલ પુસ્તક વિશે અન્યો સમક્ષ રજૂઆત કરતા થાય, બાળકો પુસ્તક સમીક્ષાથી શરૂ કરી ભવિષ્યમાં મોટાભાગની બાબતોના યથાર્થ વાચક બને તે માટે જે–તે ધોરણના વર્ગથી શરૂ કરી શાળા–કલ્સ્ટર–બ્લોક–ડીસ્ટ્રીકટ અને સ્ટેટ લેવલે 'પુસ્તક વાચક સ્પર્ધા' તેમજ 'પુસ્તક વાચક સ્પર્ધા'ના ભાગરૂપે આ શાળાઓના દર્શાવેલ ધોરણના વર્ગમાં તા.૧/૨/૨૦૨૦ થી તા.૭/૨/૨૦૨૦ દરમિયાન 'પુસ્તક વાચન સપ્તાહ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક સ્તરની સ્પર્ધામાં બાળકોએ વર્ષ દરમિયાન પુસ્તકાલયના પુસ્તકોના કરેલ વાચનને ચકાસવા દરેક સ્તરે બાળકો પાસે તેઓએ વાંચેલા પુસ્તકો પૈકીના પુસ્તકની સંક્ષિપ્ત રજૂઆતને ધ્યાને લઈ મૂલ્યાંકન કરવા જણાવવામાં આવે છે.

**: પુસ્તક વાચક સ્પર્ધા :**

રાજયની ધો.૬, ૭, ૮, ૯ અને ૧૧ ધરાવતી તમામ સરકારી/આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે શાળાઓમાં 'પુસ્તક વાચક સ્પર્ધા'નું આયોજન,

- દરેક સ્તરની સ્પર્ધામાં બાળકો તેઓની **રજૂઆત મૌલિક રીતે અથવા તેમણે કાગળમાં લખેલુ વાંચીને** પણ કરી શકે છે.
- **રજૂઆતનો સમય :** બાળકદીઠ મહત્તમ ૧૦ મિનિટ

**જે–તે ધોરણના વર્ગ(કલાસ)માં 'પુસ્તક વાચન સપ્તાહ' અને સ્પર્ધા :**

- તા.૦૧/૨/૨૦૨૦ થી તા.૦૭/૨/૨૦૨૦ દરમિયાન પુસ્તક વાચન સપ્તાહ અને તા.૦૭/૨/૨૦૨૦ના રોજ સ્પર્ધા
- સૌ પ્રથમ જે–તે ધોરણના વર્ગ(કલાસ)માં અભ્યાસ કરતા તમામ બાળકો પાસે વર્ગશિક્ષકે પુસ્તક સમીક્ષા કરાવવી,
- બાળકોની રજૂઆતને આધારે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમના વિજેતા નકકી કરવા

**શાળા કક્ષા :**

- તા.૦૮/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- ધોરણવાર જે–તે વર્ગમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓની શાળા સમક્ષ ધોરણવાર સ્પર્ધા(શાળાની એકમ કસોટી બાદ)
- શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ,
  જેમાં, (૧) જે–તે શાળાના મુખ્યશિક્ષક/આચાર્ય, (૨) જે–તે શાળાના કોઈ એક શિક્ષક, (૩) શાળાની એસએમસીના શિક્ષણવિદ/જે–તે ગામ કે વિસ્તારના સક્ષમ નિવૃત્ત શિક્ષક

**કલસ્ટર કક્ષા :**

- તા.૧૫/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- રાજયના તમામ કલસ્ટર ખાતે જે–તે કલસ્ટરમાં સમાવિષ્ટ તમામ શાળાઓમાં શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે ઓછામાં ઓછા ૩ અને મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧) સરકારી માધ્યમિક/ઉ.મા. શાળાના આચાર્યશ્રી, (૨) એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૩) સબંધિત બીટ કેળવણી નિરીક્ષકશ્રી(શિક્ષણ)/સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી



Scanned by CamScanner

**બ્લોક(બીઆરસી) કક્ષા :**

- તા.૨૨/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- જે–તે બ્લોકમાં સમાવિષ્ટ તમામ કલસ્ટરમાં કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- બ્લોક કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (૨)ડાયટના સબંધિત લાયઝન વ્યાખ્યાતાશ્રી, (૩)સબંધિત બીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી

**જિલ્લા કક્ષા :**

- તા.૨૯/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- જે–તે જિલ્લામાં સમાવિષ્ટ તમામ બ્લોકમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૪ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)ડાયટના ગ્રંથપાલશ્રી, (૨)ડાયટ લેકચરરશ્રી, (૩)એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૪)કેળવણી/સાહિત્યકારશ્રી

**રાજય કક્ષા :**

- તા.૦૭/૩/૨૦૨૦, શનિવારના દિવસે
- રાજયના તમામ જિલ્લામાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- રાજય કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ

ઉપરોકત દર્શાવ્યા મુજબ 'પુસ્તક વાચક સ્પર્ધા'ના આયોજન સંલગ્ન નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી છે.

- 'પુસ્તક વાચક સ્પર્ધા'માં શાળા કક્ષાથી લઈ રાજય કક્ષા સુધી વિજેતા બનેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે વિજેતાદીઠ ક્રમશઃ રૂ.૧૦૦(શાળા કક્ષા), રૂ.૨૦૦(કલસ્ટર કક્ષા), રૂ.૩૦૦(બ્લોક કક્ષા), રૂ.૪૦૦(જિલ્લા કક્ષા) અને રૂ.૫૦૦(રાજય કક્ષા)ની બુક ફેર કૂપન આપવામાં આવશે.
- દરેક સ્તરે વિજેતા બનેલ વિદ્યાર્થીઓની પ્રમાણભૂત માહિતી જે–તે સ્તરના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીના સહી–સિકકા સાથે સ્પર્ધા પૂર્ણ થયાના બે(૨) દિવસમાં જે–તે સ્તરના ઉપલા સ્તરે એકત્રિત કરી દરેક જિલ્લા/કોર્પોરેશને એકંદર માહિતી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.
- વિજેતાને પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવનાર બુક ફેર કૂપનનો ઉપયોગ જે–તે કૂપનધારક વિજેતા વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ યોજાનાર બુક ફેરમાંથી તેટલી રકમના પુસ્તકો વસાવવા કરી શકશે.
- જિલ્લા કક્ષાએ યોજાનાર બુક ફેર અંગે અત્રેથી અલગથી પત્ર ધ્વારા જાણ કરવામાં આવશે.



Scanned by CamScanner